દાહોદના લિમખેડામાં ચૂંટણીની ડ્યુટી મળતાં રજા ઉપર ઉતરેલા શિક્ષકને નોટિસ ફટકારવામાં આવી

દાહોદ, તા.૩ દાહોદનાં પ્રાથમિક વિભાગનાં શિક્ષકે ચૂંટણી સમયે પોલ ડ્યુટી વચ્ચે જ સિક લીવ માગી લેતા જોવાજેવી થઈ છે. તેણે કહ્યું હતું કે ચૂંટણી સમયેની આ ડ્યુટી મારાથી નહીં થાય એટલે તમે મને આનાથી બચાવજો. આ સમયે આસિસ્ટન્ટ ઈલેક્શન ઓફિસરે પણ એક્ટિવ થઈને આ શિક્ષકને કહી દીધું કે તમારી બીમારી જો એટલી જ ગંભીર હોય તો મને 5 દિવસની અંદર મેડિકલ સર્ટિફિકેટ આપી દેજો. એ પણ જેવું તેવું નહીં પરંતુ એક પ્રોપર સિવિલ સર્જનનું મારે સર્ટિફિકેટ જોઈએ. વધુમાં ઓફિસરે એમ પણ કહી દીધું કે જો તમારી તબિયત 1 દિવસ ઈલેક્શન ડ્યુટી કરી શકો એટલી સારી પણ નથી રહેતી તો એક કામ કરો તમે નિવૃત્તી લઈ લેજો.

પાંચ દિવસમાં સક્ષમ અધિકારીનું મેડિકલ સર્ટીફિકેટ આપવા હુકમ, તબિયત એક દિવસની ચૂંટણી કામગીરી કરી શકે તેવી ન હોય તો સરકારી નોકરી છોડી દેવી: ચૂંટણી અધિકારી

લિમખેડામાં આવેલી ડભાડા પ્રાઈમરી સ્કૂલમાં ભણાવતા શિક્ષક પરષોત્તમ પ્રજાપતિને પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે કામ કરવાનો ઓર્ડર મળ્યો હતો. ઈલેક્શન ઓફિસરે જેવો આ ઓર્ડર આપ્યો કે તરત શિક્ષકે કહ્યું કે મારી તબિયત સારી નથી રહી શકતી એટલે મહેરબાની કરી તમે આ ઓર્ડર કેન્સલ કરી દો તો સારુ. આ વાત સામે આવતા જ આસિસ્ટન્ટ ઈલેક્શન ઓફિસરે તેમને નોટિસ ફટકારી દીધી હતી. તેમાં જણાવાયું હતું કે મને પ્રોપર સિવિલ સર્જનનું મેડિકલ સર્ટિફિકેટ જોઈએ છે અને એમાં જો સાબિત થઈ જશે કે તમે કામ નહીં કરી શકો એ પણ 1 દિવસ માટે તો પછી અમે આ ઓર્ડર કેન્સલ કરી દઈશું.

એટલું જ નહીં આ અધિકારીએ એમ પણ કહ્યું કે જો તમે એક દિવસની ઈલેક્શન ડ્યુટી કરવા માટે સક્ષમ નથી અને એ વસ્તુ જો મેડિકલ સર્ટિફિકેટમાં સાબિત થઈ ગઈ તો તમે ગવર્નમેન્ટ જોબ કરવા માટે પણ લાયક નથી એવું અમે માની લઈશું. એના પરથી હવે તમારે હંમેશા માટે નિવૃત્તી માટેની અરજી પણ દાખલ કરી દેવી જોઈએ. આ દરમિયાન શિક્ષકે ચુપ્પી સાધી દીધી તો દાહોદનાં ડિસ્ટ્રિક્ટ ડિસ્ટ્રીક્ટ કલેક્ટર વિજય નિર્ગુડેએ કહ્યું કે લોકો જે કામ કરે છે તેમને ઈલેક્શન ડ્યુટીની ઈમ્પોર્ટન્સ સમજવી જોઈએ.

તેમણે વધુમાં કહ્યું કે આપણે ઘણા એવા પણ લોકો હોય છે કે જે આવી એક દિવસની ડ્યુટીથી બચવા માટે બહાના બનાવતા હોય છે અથવા તો તેઓ છટકબારીઓ શોધી દેતા હોય છે.

વરાછામાં બેકાબૂ થઈ ગયેલી લકઝરીએ કાર, રિક્ષા અને બાઈકનો ખુરદો બોલાવ્યો

સુરત, તા.૩ વરાછા વિસ્તારમાં પુણા બોમ્બે માર્કેટ રોડ પર આજે એક લક્ઝરી બસે અકસ્માત સર્જ્યો હતો. પૂરપાટ ઝડપે આવતા બસના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા એક કાર, રિક્ષા અને એક બાઈકનો ખુરદો બોલાવી દીધો હતો. સદનસીબે આ અકસ્માતની ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. જોકે, સીસીટીવીમાં આ ઘટના કેદ થઈ જતા અકસ્માતની ગંભીરતા જોઈ શકાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લક્ઝરી બસોને સવારે 8થી રાતના 10 વાગ્યા સુધી સિટીમાં પ્રવેશ પર પ્રતિબંધ છે.

ડ્રાઈવરે સ્ટિયરિંગ ઉપરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો

પ્રાપ્ત મહિતી મુજબ વરાછા વિસ્તારમાં આવેલા પુના બોમ્બે માર્કેટ રોડ પર આજે જય ખોડલ નામની લક્ઝરી બસ પૂરપાટ ઝડપે આવી રહી હતી. આ રસ્તો સતત ટ્રાફિકથી ધમધમતો હોય છે. આ દરમિયાન બસના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. ત્યારબાદ રસ્તામાં આવતા એક સ્પીડ બ્રેકરને પણ કુદાવીને પૂરપાટ ઝડપે આગળ વધી રહી હતી. પૂરપાટ ઝડપે દોડતી આ લક્ઝરી બસે પહેલા તો એક કાર અને ત્યારબાદ રીક્ષા અને એક બાઈકને અડફેટે લીધું હતું. લક્ઝરી બસની ટક્કર એટલી જોરદાર હતી કે, કાર રીક્ષા અને બાઈકનો ખુરદો બોલી ગયો હતો. આ ગંભીર અકસ્માતમાં રીક્ષા ચાલકને ગંભીર જ્યારે બાઈક ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી. અકસ્માતના પગલે મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા.

પલસાણામાં સોનાના સિક્કાના બહાને છેતરનાર યોગેશ મારવાડી ઝડપાયો

સુરત, તા.૩ પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં વ્યક્તિને ૮ થી ૯ કિગ્રા ધાતુના સિક્કા આપી તે સિક્કા સોનાના હોવાનું જણાવી છેતરપિંડી કરનાર આરોપી યોગેશ મારવાડીને લિંબાયત વિસ્તારમાંથી લિંબાયત પોલીસે ઝડપી પાડ્યો હતો.

લિંબાયત પીઆઈ એસ.બી. પઢેરીયા અને સેકન્ડ પી.આઇ એ.જોગરાણાના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ પીએસઆઈ જી.વી. દિહોરા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન હેડ કોન્સ્ટેબલ રાજુ હાલુભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ સાજણ કાનાભાઈને મળેલી બાતમીને આધારે પલસાણા પોલીસ સ્ટેશમા નોંધાયેલા ૮ થી ૯ કિ.ગ્રામ ધાતુના સિક્કા (ગીની)ઓ સોનાના હોવાનુ કહી રૂ.૫૦ લાખની છેતરપિંડી કરી નાસતી-ફરતી ટોળકીના મુખ્ય સુત્રધાર યોગેશ ઉર્ફે રવિભાઈ ઉર્ફે યોગેશ મારાવાડી ઉ.વ.૪૩ રહે.પ્લોટ નં-૬૩ વિશ્રાંતિ પાર્ક સોસાયટી ગેટ નં- ૦૩ લિંબાયત સુરત શહેર મુળ વતન ગામ-ગોપાલપુરા કપડવંજ તા,જી-ખેડા લિંબાયત વિસ્તારમાંથી ઝડપી પાડયો હતો.યોગેશ વિરૂદ્ધ, મારા મારી, છેતરપિંડી, અપહરણ સહિતના ૬ ગુના ભૂતકાળમાં નોંધાઈ ચુક્યા છે.

નર્મદ યુનિવર્સિટીએ ઉત્તરવહીનો નિકાલ કરવામાં બેદરકાર અમદાવાદની એજન્સીને બ્લેકલિસ્ટ કરી

સુરત, તા.૩ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં વિદ્યાર્થીઓ દ્વારા લખવામાં આવતી ઉત્તરવહી, અને પડત્તર પ્રશ્નપત્રોનાં નિકાલનો કોન્ટ્રાક્ટ મેળવ્યા બાદ યોગ્ય રીતે વપરાયેલી ઉત્તરવહીનો નિકાલ નહીં કરનાર, અને બે વખત રસ્તામાંથી ઉત્તરવહી મળી આવવાની ઘટના બાદ યુનિવર્સિટી તરફથી અમદાવાદની એજન્સીને બ્લેક લીસ્ટ કરવાનો નિર્ણય કરાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વપરાયેલી ઉત્તરવહીઓ અને પડતર પ્રશ્નપત્રોની રદ્દી પસ્તીનાં નિકાલ માટે એમ.એસ.ટ્રેડર્સ અમદાવાદની પાર્ટીને ઓર્ડર આપવામાં આવ્યો હતો. 6 જૂલાઈ 2023થી આપવામાં આવેલા વર્ક ઓર્ડરને અનુસરીને યુનિવર્સિટી તરફથી રદ્દી લઇ જવા માટેની વારંવાર તાકીદ કરવામાં આવી હોવા છતા એજન્સીનાં હોદ્દેદારો ફરક્યા ન હતા. અને નોટીસ બાદ હાજર થયેલા એજન્સીનાં સંચાલકોએ રૂબરૂમાં સમયસર ઉત્તરવહીનો નિકાલ યોગ્ય રીતે કરવાની ખાતરી આપી હતી.

આ દરમિયાન ગત 29 જાન્યુઆરી 2024નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં કેમ્પસમાં જ એક વપરાયેલી ઉત્તરવહીનું બંડલ મળી આવ્યું હતુ, અને ત્યારબાદ વડોદરાનાં આઈઓસી ચાર રસ્તા ખાતેથી પણ વપરાયેલી ઉત્તરવહીનું બંડલ મળી આવતા યુનિવર્સિટીની પરીક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નાર્થ સર્જાયા હતા. આ મામલે યુનિવર્સિટી તંત્રએ ગંભીરતાથી નોંધ લઇ બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં અમદાવાદની એજન્સીને બ્લેક લિસ્ટ કરવાનો નિર્ણય કર્યો હતો.

નર્મદ યુનિવર્સિટી નાણાંની બચત કરવા ઓનલાઇન પેમેન્ટ કરશે

ઓનલાઇન અને એડવાન્સ પેમેન્ટમાં ટેક્સમાં રાહત મળતી હોવાથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ પણ વિવિધ પ્રકારનાં ટેક્સ ભરવા માટે હવે ઓનલાઇન મોડનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. જેમાં જયાં ટેક્સ રાહત મળતી હોય કે પછી વિવિધ પ્રકારની છુટછાટ મળતી હોય તેવા કિસ્સામાં યુનિવર્સિટી તરફથી એડવાન્સ પેમેન્ટ થકી રૂપિયા બચાવવાનો પ્રયાસ કરશે.

સુરતનો અડાજણ વિસ્તાર રિયલ એસ્ટેટમાં સૌથી મોખરે, સૌથી વધુ દસ્તાવેજ નોંધાયા

સુરત, તા.૩ નાણાકીય વર્ષ 2023-24માં રિયલ એસ્ટેટ માટે અડાજણ વિસ્તાર હોટ ફેવરીટ રહ્યો છે. સુરત જિલ્લાની કુલ 18 જેટલી સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલા કુલ 68 હજાર 311 જેટલા દસ્તાવેજો પૈકી સૌથી વધુ 9737 જેટલા દસ્તાવેજો માત્ર અડાજણ કચેરીનાં નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે.

સુરતમાં નાણાકીય વર્ષ 2023-24માં નોંધાયેલા 68311 દસ્તાવેજોમાં કુલ રજિસ્ટ્રેશન ફી પેટે 76 કરોડ 89 લાખ 62 હજાર 321 રૂપિયાની આવક સરકારી તિજોરીને થઇ છે. આ દસ્તાવેજોમાં વેચાણ સોદા માટે કુલ 437 કરોડ 93 લાખ 33 હજાર 501 રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટીનો વપરાશ કરવામાં આવ્યો હતો. જેમાં સૌથી મોખરે રહેલી અડાજણ સબરજિસ્ટ્રાર કચેરી ખાતે નોંધાયેલા 9737 દસ્તાવેજો પૈકી 10 કરોડ 24 લાખ 53 હજાર 236ની રજિસ્ટ્રેશન ફી અને 53 કરોડ 72 લાખ 39 હજાર 442ની સ્ટેમ્પ ડ્યૂટીનો વપરાશ કરવામાં આવ્યો હતો.

વિવિધ સબરજિસ્ટ્રાર કચેરીમાં અડાજણ બાદ સૌથી વધુ દસ્તાવેજોની નોંધણી ઉધના 6192, ત્યારબાદ ક્રમશઃ કામરેજ કચેરી ખાતે 5836, કુંભારીયા કચેરી ખાતે 5709 અને નવાગામ કચેરી ખાતે 5284 દસ્તાવેજોની નોંધણી થઇ હતી.

સુરતની ૧૮ સબરજિસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલા ૬૮૩૧૧ દસ્તાવેજો પૈકી સૌથી વધુ અડાજણમાં ૯૭૩૭ દસ્તાવેજની નોંધણી

અદાણીએ રિન્યુએબલ એનર્જીના ઉત્પાદનમાં ૧૦ હજાર મેગાવોટનો લક્ષ્યાંક પાર પાડ્યો

અમદાવાદ, તા.૩ ભારતની સૌથી મોટી અને વિશ્વની અગ્રણી રિન્યુએબલ એનર્જી કંપનીઓ પૈકીની એક અદાણી ગ્રીન એનર્જી લિ (AGEL) એ રાષ્ટ્રીય ગ્રીડને વિશ્વસનીય, સસ્તી અને સ્વચ્છ વીજળી પૂરી પાડીને તેના સંચાલકીય પોર્ટફોલિયોના 10,000 મેગાવોટના ગૌરવરૂપ આંકને પાર કર્યો છે. અદાણી ગ્રીન એનર્જીના સંચાલકીય પોર્ટફોલિયોમાં 7,393 મેગાવોટ સૌર, 1,401 મેગાવોટ પવન ઉર્જા અને 2,140 મેગાવોટ પવન-સૌર હાઈબ્રિડ ક્ષમતાનો સમાવેશ થાય છે. ચાલુ દસકાના આખરે 45,000 GW રીન્યુએબલ એનર્જીના લક્ષ્યવેધ તરફ નિશ્ચિતપણે આગળ ધપી રહેલી AGELઅને તેના વિકાસમાં સહભાગીઓ માટે આ સિમાચિહ્નરુપ ઉપલબ્ધિ પ્રોત્સાહનના પોરસ પિરસનારી છે.

અદાણી એનર્જીનો 10,934 MWનો કાર્યાન્વિત પોર્ટફોલિયો 58 લાખથી વધુ ઘરોને રોશનીથી ઝળાહળા કરશે અને સૌથી મહત્વના એવા હવામાં વાર્ષિક 21 મિલિયન ટન કાર્બનના ઉત્સર્જનને ટાળવા સાથે હવાને પ્રદુષિત થતી અટકાવવાના પ્રયાસોમાં યોગદાન આપશે.અવનવી ટેક્નોલોજી અપનાવવાનો અભિગમ, અમલવારીની કાર્ય ક્ષમતાઓ, ડિજિટાઈઝેશન, મજબૂત સપ્લાય ચેઈન નેટવર્ક અને લાંબા ગાળાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે પૂરતા નાણાનો પ્રવાહ અને ટકાઉ પ્રથાઓના સથવારે ગીગા સ્કેલ ઉપર સ્વચ્છ ઉર્જા સંક્રમણ અને ડીકાર્બોનાઈઝેશનને કેવી રીતે ચલાવી શકાય તેની AGEL એક મિસાલ પ્રસ્થાપિત કરી રહી છે.

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું કે, "અમને રિન્યુએબલના ફલકમાં ભારતના પ્રથમ દસ હજાર મેગાવોટ રીન્યુએબલ એનર્જીના ઉત્પાદક હોવાનો ગર્વ છે." તેમણે કહ્યું હતું કે અદાણી ગ્રીન એનર્જીએ એક દાયકાથી પણ ઓછા સમયમાં હરિત ભવિષ્યના નિર્માણની ફક્ત કલ્પના જ નથી કરી પરંતુ તેને જમીની હકીકતમાં પણ સાકાર કરી છે. સ્વચ્છ ઉર્જાનું અન્વેષણ કરવાના માત્ર વિચારથી માંડીને સ્થાપિત ક્ષમતામાં અસાધારણ 10,000 મેગાવોટના ઉત્પાદનનો માનવંતો આંક હાંસલ કરવાનું ભગીરથ કાર્ય પાર પડ્યુંછે.આ સિદ્ધિ એ ગતિ અને સ્કેલનું એક નિદર્શન છે કે જે થકી અદાણી ગ્રૂપનો ઉદ્દેશ્ય સ્વચ્છ, ભરોસાપાત્ર અને સસ્તી ઉર્જા તરફના ભારતના સંક્રમણના રાહને સરળ બનાવવાનો છે. 2030 સુધીમાં 45,000 મેગાવોટ ઉત્પાદન કરવા તરફના અમારા અભિયાનના એક ભાગરૂપ અમે ખાવડામાં વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ બનાવી રહ્યા છીએ. 30,000 મેગાવોટનો આ મહત્વાકાંક્ષી પ્રકલ્પ વૈશ્વિક મંચ પર બેનમુન છે.

અમરોલી પાસે ગમખ્વાર ટ્રક અકસ્માતમાં અંકલેશ્વરના ડ્રાઈવરનું મોત

સુરત, તા.૩ અંકલેશ્વરથી કેમિકલ લઈને પાંડેસરા આવતાં ટ્રક ચાલકને અમરોલી અંજની ઈન્ડસ્ટ્રી પાસે અકસ્માત થતા મોત નિપજ્યું હતું. અંજની ઈન્ડસ્ટ્રી પાસે ઉભેલી ટ્રકમાં પાછળથી ટ્રક ચાલકે અથડાઈ દેતા ચાલકનું મોત નિપજ્યું હતું.

ઉત્તરપ્રદેશના વતની અને અંકલેશ્વર ખાતે આવેલા ગિરનાર સોસાયટીમાં પંકજ અવધેશ પાંડે (35 વર્ષ) બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. પંકજ ટ્રક ચાલક તરીકે કામ કરતો હતો. મંગળવારે રાત્રે અંકલેશ્વરથી પંકજ ટ્રકમાં કેમિકલનો લઈને સુરતના પાંડેસરા ખાતે આવી રહ્યો હતો. તે દરમિયાન અમરોલી ખાતે અંજની ઈન્ડસ્ટ્રી પાસે ઉભેલી ટ્રકમાં પંકજે ટ્રકને પાછળથી અથડાઇ દીધી હતી. જેથી રાહદારીઓએ પંકજને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

વિદ્યાર્થીઓની ચિત્રકળાને ખિલવવા 'માસ્ટર ટ્રોક' સંસ્થાના ઉપક્રમે દેશભરમાં સ્પર્ધાનું આયોજન કરાયું

સુરતઃ 'યુવા માસ્ટરસ્ટ્રોક' એક એવો વિશિષ્ટ મંચ છે, જે વિદ્યાર્થીઓને ચિત્રકળાના માધ્યમથી તેમની અંદરની રચનાત્મકતાને બહાર લાવવા સશક્ત બનાવે છે. બે દાયકાથી વધુની વિરાસત સાથે, આ વર્ષ આ દંતકથા સમાન સ્પર્ધાની 20મી વર્ષગાંઠનું હતું. સ્પર્ધાની 2023ની આવૃત્તિમાં કુલ બાવીસ રાજ્યોની 5251 શાળાઓ ઉત્સાહભેર સહભાગી થઈ હતી, જેમાં આશરે 13.6 લાખ વિદ્યાર્થીઓએ તેમની કળાત્મક અભિરુચિ તથા કલ્પનાશક્તિનું પ્રદર્શન કર્યું હતું. સહભાગીઓને ત્રણ વર્ગમાં વિભાજીત કરાયા હતા, દરેક વર્ગને ચિત્રકળા માટે ચોક્કસ થીમ આપવામાં આવી હતી. "ભારતનાં અનેક રાજ્યોમાં વિદ્યાર્થીઓની રચનાત્મકતા અને પ્રતિભાની ઉજવણી કરતી યુવા માસ્ટરસ્ટ્રોકની વધુ એક સફળ આવૃત્તિના સાક્ષી બની અમે અત્યંત આનંદિત છીએ," એમ યુવાના ચિફ સ્ટ્રેટેજી ઓફિસર અભિજિત સાન્યાલે જણાવ્યું હતું."આ સ્પર્ધા યુવા કલાકારોને તેમની પ્રતિભા પ્રદર્શિત કરવા માટેનું મંચ તો પૂરૂં પાડવાની સાથે કલાત્મક અભિવ્યક્તિની સંસ્કૃતિનું પોષણ પણ કરે છે. વિજેતાઓને હું અભિનંદન આપું છું.

હોળી રસિયા-ફૂલફાગનું આયોજન કરાયું

સુરતઃ ગોપાળલાલજી મંદિર ખપાટીયા ચકલા સુરત. ખાતે ધમાર -હોળી રસિયા-ફૂલફાગ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૈષ્ણવ સમાજના બહેનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. પૂર્ણિમા પથ્થરવાળાએ સૌને હોળીની શુભકામના પાઠવી છે. કાર્યક્રમનું સંચાલન યમના મંડળના બીનાબેન શાહે સુંદર રીતે કર્યું હતું.

સેમસંગે ફ્લેગશિપ ડિવાઈસીસ ઉપર મોબાઈલ AI અનુભવનું લોકશાહીકરણ કર્યું

મુંબઈઃ ભારતની સૌથી વિશાળ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગ દ્વારા આજે મોબાઈલ AIનાના વધુ લોકશાહીકરણ માટે ઘડવામાં આવેલાં વધુ ગેલેક્સી ફ્લેગશિપ ડિવાઈસીસ પર ગેલેક્સી AI ફીચર્સ રજૂ કરવાની ઘોષણા કરવામાં આવી હતી. આ રજૂઆત આજથી આરંભ કરાઈ છે અને ગેલેક્સી S23 સિરીઝ, S23 FE, Z Fold5, Z Flip5 અને Tab S9 સિરીઝમાં ઉપલબ્ધ થશે. તાજેતરમાં લોન્ચ કરાયેલી ગેલેક્સી S24 સિરીઝ સાથે સુમેળ સાધતાં આ અપડેટ ઉપભોક્તાઓના મોબાઈલ AIના ધોરણોને નવી ઊંચાઈએ લઈ જશે. ગેલેક્સી AI ફીચર્સની રજૂઆત સાથે ગેલેક્સી S23 સિરીઝ, S23 FE, Z Fold5, Z Flip5 અને Tab S9 સિરીઝના ઉપભોક્તાઓને હવે સર્કલ ટુ સર્ચ, લાઈવ ટ્રાન્સલેટ અને નોટ આસિસ્ટ વગેરે સહિત અનેક ફીચર્સના લાભ મળશે. ગેલેક્સી ઈકોસિસ્ટમમાં ગેલેક્સી AIનું વ્યાપક ઈન્ટીગ્રેશન AI- સપોર્ટેડ મોડેલો પર રોજબરોજનાં કામોમાં આસાન ઉપભોક્તા અનુભવ અભિમુખ પણ બનાવશે, જે કાર્યક્ષમતાને નવી સપાટી પર લઈ જશે.

ડીમાન્ડ નોટીસ

એડેલવેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ

CIN: U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસ : એડેલ વેઈસ હાઉસ, સીએસટી રોડના નાકે, કાલિના, મુંબઈ - ૪૦૦૦૯૮

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ (એક્ટ) ના ખંડ ૧૩(૨)ની સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૩ (૧) અંતર્ગત

આથી અહીં જણાવેલા એસાઇનરોએ તેમની આર્થિક જવાબદારી નીચે સહી કરનાર એડેલવેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ(ઈએઆરસી) જે જુદા જુદા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરીકે કામકરે છે તેમને સરફાયેસી એક્ટ, ૨૦૦૨ ની સેક્શન-૫ હેઠળ એસાઇનમેન્ટ એગ્રીમેન્ટ દ્વારા સોંપી હોવાથી સલામત ધિરાણકાર તરીકેના અધિકારો પ્રાપ્ત કરી લીધા છે. તેમના અધિકૃત અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી,ઈન્ટરેસ્ટ (એક્ટ),૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ અંતર્ગત આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરી નીચે જણાવેલા દેવાદાર ને એક્ટના ખંડ ૧૩(૨) મુજબ ડીમાન્ડ નોટીસ પાઠવી તેમાં જણાવેલી બાકી લેણી રકમનું ચુકવણું કથિત નોટીસની તારીખથી ૬૦ દિવસમાં કરી દેવા જણાવવામાં આવ્યું હતું.

ઉપરોક્ત નોટીસના સંબંધમાં ફરીથી આ નોટીસ દ્વારા દેવાદારોને આ નોટીસમાં જણાવેલી બાકી રકમ વત્તા નીચે જણાવેલ તારીખ થી ચુકવણું થાય ત્યાં સુધીની રકમ કે લોન એગ્રીમેન્ટમાં અથવા અન્ય દસ્તાવેજો/લખાણ જો કોઈ હોય તો તે મુજબની દેવાદારે લોનની બાકી લેણી નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે.જે માટે નીચે જણાવવામાં આવેલી દેવાદારોની મિલકત ઈએઆરસી પાસે ગીરો મુકી હતી તે આ મુજબ છે.

અ. નં.	લોનખાતા નં. દેવાદાર અને સહદેવાદાર(રો) ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ	એસાઈનરનું નામ અને ટ્રસ્ટનું નામ
4.	અજય કુમાર(દેવાદાર), માલતી દેવી (સહ દેવાદાર) LAN:- HM/0190/H/18/100863	11/03/2024 & Rs. 7,93,430.76	EARC TRUST SC 438 અને ગ્રીહામ હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રે.સ.નં.૪૪૨+૪૪૩, બ્લોક નં.૫૬૯/૩૧, ૫૬૯/૩૧,૫૬૯/૩૨, સબ પ્લોટ નં.૮,ફ્લેટ નં.૨૦૪,અયોધ્યા હાઇટસ મોજે ઉંભેળ ગામ,તા.કામરેજ, જિ.સુરત ક્ષેત્રફળ ૩૨૫ ચો.ફૂટ કડોદરા ક્રોસ રોડની નજીક, પીન કોડ:૩૯૪૧૮૦ **ચતુઃસીમા : પૂર્વે :** ફ્લેટ નં.૨૦૭, **પશ્ચિમે :** રઘુનંદન રેસીડેન્સી, **ઉત્તરે :** ફ્લેટ નં.૨૦૫, **દક્ષિણે :** ફ્લેટ નં.૨૦૨		
5.	અર્જુન રાજભર (દેવાદાર) , કાંતિ (સહ દેવાદાર) LAN:- HM/0190/H/18/101110	11/03/2024 & Rs. 11,07,284.42	EARC TRUST SC 438 અને ગ્રીહામ હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત બ્લોક નં.૮૨,ફ્લેટ નં.જી-૧,અનમોલપેલેસ,ગ્રાઉન્ડ ફ્લોર,મોજે સાયણ,તા.ઓલપાડ, જિ.સુરત ક્ષેત્રફળ ૩૪૭ ચો.ફૂટ રાંદલ માતા મંદિરની નજીક,પીન કોડ:૩૯૪૧૩૦ **ચતુઃસીમા : પૂર્વે :** સિધ્ધેશ્વર બિલ્ડીંગ, **પશ્ચિમે :** લાગુ બિલ્ડીંગ, **ઉત્તરે :** પ્લોટની પાછળી બાજુ, **દક્ષિણે :** ગ્રાઉન્ડ ફ્લોર પાર્કિંગ, સોસાયટીનો રોડ		
6.	અતુલ કુમારયાદવ (દેવાદાર) , સરીતા દેવી (સહ દેવાદાર) LAN:- HM/0190/H/18/101187	11/03/2024 & Rs. 9,38,635.72	EARC TRUST SC 438 અને ગ્રીહામ હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રે.સ.નં.૮૬,અંકુર નગર ટેનામેન્ટ વિભાગ-૨ પ્લોટ નં.૮,૯/૧૦ ફ્લેટ નં.૩૦૩,શિવમ એપાર્ટમેન્ટ,ત્રીજા માળે સાયણ,તા.ઓલપાડ, જિ.સુરત ક્ષેત્રફળ ૨૯૯ ચો.ફૂટ ,રાંદલ માતા મંદિરની નજીક,પીન કોડ:૩૯૪૧૩૦ **ચતુઃસીમા : પૂર્વે :**ફ્લેટ નં.૩૦૪, **પશ્ચિમે :** ફ્લેટ નં.૩૦૨, **ઉત્તરે :** પ્લોટની પાછળી બાજુ, **દક્ષિણે :** ફ્લેટ નં.૩૦૭		
7.	ભાવેશકુમાર જદુરામ દૂધરેજા (દેવાદાર) , રીનાબેન ભાવેશભાઈ દૂધરેજા (સહ દેવાદાર) LAN:- HM/0190/H/18/101147	11/03/2024 & Rs. 19,49,427.74	EARC TRUST SC 438 અને ગ્રીહામ હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રે.સ.નં.૧૪૦,બ્લોક નં.૧૩૯,પ્લોટ નં.૩૬ થી ૪૩,ફ્લેટ નં.૧૦૩,પહેલા માળે,બિલ્ડીંગ નં.-ઈ,સમર્પણ ટાઉનશીપમોજે કામરેજ ગામ,તા.કામરેજ, જિ.સુરત ક્ષેત્રફળ ૫૫૩ ચો.ફૂટ કામરેજ પોલીસ સ્ટેશન નજીક,પીન કોડ:૩૯૪૧૮૦ **ચતુઃસીમા : પૂર્વે :** ફ્લેટ નં.૧૦૪ અને દાદર, **પશ્ચિમે :** માર્જિનની પાછળી બાજુ, **ઉત્તરે :** સોસાયટીનો રોડ, **દક્ષિણે :** ફ્લેટ નં.૧૦૨		
8.	ડામોર કમલેશભાઈ ભુરસિંગભાઈ (દેવાદાર), ડામોર જમનાબેન કમલેશભાઈ (સહ દેવાદાર) LAN:- HM/0190/H/18/100936	11/03/2024 & Rs. 10,44,714.79	EARC TRUST SC 438 અને ગ્રીહામ હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રે.સ.નં.૧૮૨,બ્લોક નં.૨૨૩, પ્લોટ નં.૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ફ્લેટ નં.૩૦૮, રૂદ્રાક્ષ એવેન્યુ, ત્રીજા માળે, મોજે જોલવા,તા.પલસાણા, જિ.સુરત ક્ષેત્રફળ ૩૮૬ ચો.ફૂટ ગ્રામ પંચાયત નજીક, જોલવા પીન કોડ:૩૯૪૩૧૫ **ચતુઃસીમા : પૂર્વે :** સોસાયટીનો આંતરીક રોડ, **પશ્ચિમે :** ફ્લેટ નં.૩૦૭, **ઉત્તરે :** ખુલ્લો પ્લોટ, **દક્ષિણે :** પેસેજ		
9.	ગલથારીયા તુષાર વલ્લભભાઈ (દેવાદાર) , ગલથારીયા લીલીબેન વલ્લભભાઈ (સહ દેવાદાર) વલ્લભભાઈપૂણાભાઈગલથારીયા (સહ દેવાદાર) (Co-Borrower) LAN:- HM/0190/H/18/101081	11/03/2024 & Rs. 8,43,161.50	EARC TRUST SC 438 અને ગ્રીહામ હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રે.સ.નં.૩૮૪/૨, બ્લોક નં.૩૭૩, પ્લોટ નં.૬ થી ૧૦ અને ૨૦ થી ૨૬, ફ્લેટ નં.૧૦૧, શ્રી સાંઈ પેલેસ,પહેલા માળે,મોજે કામરેજસુરત સીટી, ક્ષેત્રફળ ૩૮૭ ચો.ફૂટ યુનિટી પબ્લીક હાઈ સ્કુલ કામરેજ, પીન કોડ:૩૯૪૧૮૦ **ચતુઃસીમા : પૂર્વે :** લાગુ ફ્લેટ નં.૧૦૨, **પશ્ચિમે :** લાગુ દુકાન, **ઉત્તરે :** સોસાયટીનો રોડ, **દક્ષિણે :** લાગુ પેસેજ		
10	હીરાબાઈ સુધાકર નેટકર (દેવાદાર), સુધાકર નામદેવ નેટકર(સહ દેવાદાર) LAN:- HM/0190/H/18/100104	11/03/2024 & Rs. 17,25,666.89	EARC TRUST SC 438 અને ગ્રીહામ હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત બ્લોક નં.૨૪૭,પ્લોટ નં.૧૯૭,આરાધના ગ્રીનલેન્ડ મોજે જોલવા,તા.પલસાણા, જિ.સુરત ક્ષેત્રફળ ૩૦૧ ચો.ફૂટ, એસ્સાર પેટ્રોલ પંપની પાછળ,પીન કોડ:૩૯૪૩૧૫ **ચતુઃસીમા : પૂર્વે :** પ્લોટ નં.૧૮૬, **પશ્ચિમે :** સોસાયટીનો રોડ, **ઉત્તરે :** પ્લોટ નં.૧૯૮, **દક્ષિણે :** પ્લોટ નં.૧૯૬		
11.	કલાશી મન્નાલાલ ડુંગાજી (દેવાદાર), સોનુ નાઈ (સહ દેવાદાર) LAN:- HM/0190/H/17/100585	11/03/2024 & Rs. 8,60,447.99	EARC TRUST SC 438 અને ગ્રીહામ હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત બ્લોક નં. ૭૨/બી,પ્લોટ નં.એ-૨૦ અને બી-૨૧ ,ફ્લેટ નં.૩૦૨, શ્રી તિરૂપતિ બાલાજી રેસીડેન્સી મોજે સાંકી,તા. પલસાણા, જિ.સુરત ક્ષેત્રફળ ૪૩૫ ચો.ફૂટ સાંકી ગામ નજીક,પીન કોડ:૩૯૪૩૧૫ **ચતુઃસીમા : પૂર્વે :** લાગુ રોડ, **પશ્ચિમે :** લાગુ ફ્લેટ નં.૩૦૧, **ઉત્તરે :** લાગુ જમીન, **દક્ષિણે :** પેસેજ અને ફ્લેટ નં.૩૦૩		
12	પ્રમોદ એસ.રાવત (દેવાદાર) , રાવત મીના (સહ દેવાદાર), રાવત સચીન (સહ દેવાદાર) LAN:- HM/0190/H/18/100847	11/03/2024 & Rs. 9,65,004.46	EARC TRUST SC 438 અને ગ્રીહામ હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રે.સ.નં.૨૯/૧,બ્લોક નં.૫૧, પ્લોટ નં.૧૦૧,મેઘા ડીસ્કવરીઝ ,મોજે ઘલુડા,તા.પલસાણા, સુરત ક્ષેત્રફળ ૪૩૨ ચો.ફૂટ ઘલુડા ગામની પાછળ,પીન કોડ:૩૯૪૩૧૫ **ચતુઃસીમા : પૂર્વે :** રોડ, **પશ્ચિમે :** ખુલ્લી જમીન, **ઉત્તરે :** પ્લોટ નં.૧૦૦, **દક્ષિણે :** પ્લોટ નં.૧૦૨		
13	રેબન્તબહાદુર પ્રસાદબહાદુર કુંવર (દેવાદાર), પદમા રેબન્ત કુંવર (સહ દેવાદાર) LAN:- HM/0190/H/18/100293	11/03/2024 & Rs. 9,33,946.18	EARC TRUST SC 438
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રે.સ.નં.૪૪૨+૪૪૩ નવો બ્લોક નં.૮૫૪, ૭૭૮, ૭૭૯, પ્લોટ નં.૩, ફ્લેટ નં.૨૧૦,સારથી કોમ્પલેક્ષ, મોજે ઉંભેળ, તા.કામરેજ, જિ.સુરત ક્ષેત્રફળ ૪૭૦.૫૬ ચો.ફૂટ સોહમ ટ્રાન્સપોર્ટની નજીક, પીન કોડ:૩૯૪૩૨૫ **ચતુઃસીમા : પૂર્વે :** લાગુ ફ્લેટ નં.૨૧૧, **પશ્ચિમે :** લાગુ અન્ય મિલકત, **ઉત્તરે :** લાગુ સોસાયટીનો આંતરીક રોડ, **દક્ષિણે :** લાગુ પેસેજ		
14	સંજય સોલંકી (દેવાદાર) ,રમેશભાઈ પી.સોલંકી (સહ દેવાદાર)સોલંકી ગીરીશભાઈ રમેશભાઈ (સહ દેવાદાર)સોલંકી મંજુબેન રમેશભાઈ (સહ દેવાદાર) LAN:- HM/0190/H/18/100181	11/03/2024 & Rs. 15,48,892.15	EARC TRUST SC 438
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રે.સ.નં.૩૪૮-પી-૩૫૦/૨-૩૫૧,બ્લોક નં.૩૨૭/એ પ્લોટ નં.૯,નિલકંઠ વિલા મોજે કુંવારદા, તા.માંગરોળ, જિ.સુરત ક્ષેત્રફળ ૨૬૪ ચો.ફૂટ રણછોડ નગર સોસાયટી નજીક,પીન કોડ:૩૯૪૧૨૦ **ચતુઃસીમા :પૂર્વે :** લાગુ પ્લોટ નં.૧૦, **પશ્ચિમે :** લાગુ પ્લોટ નં.૮, **ઉત્તરે :** લાગુ બ્લોક નં.૩૨૮, **દક્ષિણે :** સોસાયટીનો રોડ		
15	સંતોષ જાટ (દેવાદાર) , માધા રામ (સહ દેવાદાર) LAN:- HM/0190/H/18/100475	11/03/2024 & Rs. 12,78,795.20	EARC TRUST SC 438
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રે.સ.નં.૧૦૨/૧,૧૦૨/૨,બ્લોક નં.૧૦૪ અને ૧૦૫ પૈકી ,ફ્લેટ નં. બી-૩૦૨, શિવમ રેસીડેન્સી,પહેલા માળે,બિલ્ડીંગ નં.-બી,મોજે કડોદરા,તા.પલસાણા, જિ.સુરત ક્ષેત્રફળ ૩૨૧ ચો.ફૂટ મોદી હોસ્પિટલની નજીક,કડોદરા બારડોલી રોડ પીન કોડ:૩૯૪૩૧૫ **ચતુઃસીમા : પૂર્વે :** એન્ટ્રી અને પેસેજ, **પશ્ચિમે :** સોસાયટીનો રોડ, **ઉત્તરે :** ફ્લેટ નં.૩૦૩, **દક્ષિણે :** ફ્લેટ નં.૩૦૧		
16	વિનુ દેવી (દેવાદાર) , સુનિલ કુમાર પાંડે (સહ દેવાદાર) LAN:- HM/0190/H/17/100335	11/03/2024 & Rs. 8,72,536.75	EARC TRUST SC 438
	સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રે.સ.નં.૪૫,બ્લોક નં.૭૨/બી ,પ્લોટ નં.૧૮ અને ૧૯,બિલ્ડીંગ નં.-૮ ફ્લેટ નં.૪૦૨, શ્રી તિરૂપતિ બાલાજી રેસીડેન્સી મોજે સાંકી,તા.પલસાણા, જિ.સુરત ક્ષેત્રફળ ૪૩૫ ચો.ફૂટ સાંકી ગામ નજીક,પીન કોડ:૩૯૪૩૧૫ **ચતુઃસીમા : પૂર્વે :** લાગુ બિલ્ડીંગ-૯, **પશ્ચિમે :** લાગુ રોડ , **ઉત્તરે :** લાગુ જમીન, **દક્ષિણે :** લાગુ બિલ્ડીંગ-૭		

ઉપર જણાવેલા દેવાદાર (રો)ને ઉપર જણાવેલી બાકી લેણી રકમ ઈએઆરસીને ચુકવી દેવામાં નિષ્ફળ જશે તો નીચે સહી કરનારને સરફાયેસી એકટ મુજબ ઉપર જણાવેલી ગીરવે મુકેલી મિલકત સામે એક્ટના ખંડ ૧૩(૪) અને લાગુ પડતા રૂલ્સ મુજબ પગલા લેવાની ફરજ પડશે.મહેરબાની કરીને નોંધ લેશો કે કથિત એક્ટની સેક્શન ૧૩(૧૩) મુજબ તમે સદર મિલકતનું કોઈપણ રીતે વેચાણ,ભાડાપટ્ટો કે અન્ય કોઈ રીતે ઈએઆરસીની મંજુરી વિના કરી શકશો નહીં.જો કોઈ વ્યકિત એક્ટ કે રૂલ્સનો ભંગ કરશે તો તે એક્ટની જોગવાઈ મુજબ દંડ અને અથવા સજાને પાત્ર હશે.

સ્થળ : ગુજરાત — **સહી/ અધિકૃત અધિકારી**

તારીખ : ૦૪.૦૪.૨૦૨૪ — **વતિ એડેલવેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**

Edelweiss Asset Reconstruction

જાહેર નોટીસ/ સમન્સ નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

અરજદાર : ધીરુભાઇ માંગતાભાઇ પટેલ — જન્મ મરણ નોંધણી અરજી નં.૫૦/૨૦૨૪

રહે.: સીંગાડ, પેલાડ ફળીયા,તા.વાંસદા,જી.નવસારી

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,સીંગાડ, તા.વાંસદા,જી.નવસારી.

આ કામના અરજદારશ્રી ધીરુભાઇ માંગતાભાઇ પટેલ રહે. સીંગાડ, પેલાડ ફળીયા, તા.વાંસદા જી.નવસારીએ તેમના પુત્ર રસિકભાઇ ધીરુભાઇ પટેલનો જન્મ મોજે.સીંગાડ, તા.વાંસદા, જી.નવસારી મુકામે તા.૧૫/૦૪/૧૯૮૪ ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલી નહીં હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ/સમન્સથી જાણ કરવામાં આવે છે કે સદર કામે અરજદારની અરજી સામે કોઇના કોઇ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોય તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઇ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઇ વાધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૧/૪/૨૦૨૪ — કોર્ટનો સિક્કો — (ડી.આઇ.પટેલ) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

સ્થળઃ વાંસદા

જાહેર નોટીસ વિ.જે.ભંડારી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, સીટી પ્રાંત, સુરતની કોર્ટમાં

વાદી :- નિકુલકુમાર હરીશલાલ પટેલ — નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૧૭૩/૨૦૨૪

રહે.:- ૩૬૩, હેંગડેવાડ વસાહત-૩, ઉધના, સુરત. — તા. ૧૬/૦૩/૨૦૨૪

વિરુધ્ધ

પ્રતિવાદી : જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત.

વિષય :- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી નિકુલકુમાર હરીશલાલ પટેલ, રહે.:- ૩૬૩,હેંગડેવાડ વસાહત-૩,ઉધના, સુરત ના દાદા પરભુભાઇ ડાહ્યાભાઇ પટેલનું અવસાન તા.૨૪/૦૯/૧૯૯૮ ના રોજ ગલી નં.૧૩ પાસે, માનદરવાજા, સુરત ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૧૬/૦૩/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો — (વિ.જે.ભંડારી) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, અને નાયબ કલેકટર, સીટી પ્રાંત, સુરત.

જાહેર નોટીસ/ સમન્સ નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

અરજદાર : મોહનભાઇ રૂમશીભાઇ પટેલ — જન્મ મરણ નોંધણી અરજી નં.૪૯/૨૦૨૪

રહે.: નાનીવાલઝર, ભવાની ફળીયું,તા.વાંસદા,જી.નવસારી

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,મોટીવાલઝર, તા.વાંસદા,જી.નવસારી.

આ કામના અરજદારશ્રી મોહનભાઇ રૂમશીભાઇ પટેલ રહે. નાનીવાલઝર, ભવાની ફળીયું, તા.વાંસદા જી.નવસારીએ તેમના પુત્રી નીરૂબેન મોહનભાઇ પટેલનો જન્મ મોજે.મોટીવાલઝર, તા.વાંસદા, જી.નવસારી મુકામે તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલી નહીં હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ/સમન્સથી જાણ કરવામાં આવે છે કે સદર કામે અરજદારની અરજી સામે કોઇના કોઇ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોય તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઇ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઇ વાધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૧/૪/૨૦૨૪ — કોર્ટનો સિક્કો — (ડી.આઇ.પટેલ) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

સ્થળઃ વાંસદા

જાહેર નોટીસ

ડી. સુરત સબ ડી. તથા તાલુકે મજુરાના ગામ મોજે ઉનના રે. સરવે નં. ૧૯૭/૨, ૧૯૮/૧, ૧૯૮/૩, ૨૦૦, ૨૨૩, બ્લોક નં. ૨૬૪ થી નોંધાયેલ બીનખેતીની જમીનમાં "સંજર નગર વિભાગ-૪" ના નામે પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૩૩૫ વાળી મિલકત, જેનું પ્લોટનું ક્ષેત્રફળ ૪૪.૫૩ ચો.મી. છે. તથા પ્લોટ નં. ૩૩૬ વાળી મિલકત જેનું પ્લોટનું ક્ષેત્રફળ ૪૪.૫૩ ચો.મી. છે તથા મજકુર પ્લોટો પટેલ રહીમ હુસેનભાઈ એ તેમની માલીકી કબજા ભોગવટા વહીવટની જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. પરંતુ તેઓ જણાવે છે, કે સદરહું મિલકતના અસલ દસ્તાવેજો પૈકી અગ્રહકકધારીના નીચે મુજબના અસલ દસ્તાવેજો તેમના કબજા માંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે, સબબ મજકુર મિલકતમાં કોઈ ઈસમ, સંસ્થા, બેંક કે કોઈનો પણ લાગભાગ, હક્ક, હિસ્સો, દરદાવા કે સાટાખત કરેલ હોય કે હિત સંબંધ કે વારસાઈ હક્ક હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં લેખીત પુરાવા સહીત રૂબરૂમાં હમોને લેખીત જાણ કરવી તેમ ન થતા મુદ્દત વિત્યે કોઈ ઈસમ સંસ્થા, બેંક કે કોઈનો પણ તેવા હક્ક નથી અને હોય તો જતા કર્યા છે, તેમ માની ટુંક સમયમાં મારા અસીલ સંપુર્ણ નાણા ચુકવી રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહીં, જેની આથી નોંધ લેવી.

ખોવાઈ ગયેલ અસલ દસ્તાવેજોની વિગત

(૧) વેચાણ દસ્તાવેજ નં. ૧૫૮૫૧, તા.૦૧/૦૭/૨૦૦૮ (નવો નંબર ૧૭૯૧૭, તા. ૧૪/૧૨/૨૦૧૧)ની અસલ રજીસ્ટ્રેશન રસીદ

ઓફીસ ૧૨૮, ગરીબનવાઝનગર, સરવે નં. ૨૬, લીંબાયત, સુરત. — હમારી મારફત **સલીમ એચ. બનારસી** (એડવોકેટ)

-: જાહેર ચેતવણી :-

આથી જાહેર જનતાને જણાવવાનું કે,મારો પુત્ર **યાદવ આર્યેશ બ્રિદેશકુમાર** ઘણાં સમયથી મારા કહ્યામાં નથી અને મારાથી અલગ રહેતો આવેલ છે. જેથી મારો પુત્ર **યાદવ આર્યેશ બ્રિદેશકુમાર** સાથે મારે કોઇપણ જાતનો વ્યવહાર રહેલ નથી કે તેની સાથે મારે કોઇ લેવા-દેવા નથી. જેથી મારા ઉપરોક્ત પુત્ર સાથે કોઇપણ વ્યક્તિ, બેંક કે સંસ્થાએ કોઇપણ જાતનો કોઇ આર્થિક, નાણાંકીય કે સામાજીક વ્યવહાર કરવો કરાવવો નહીં અને જો કોઇ તેની સાથે વ્યવહાર કરશે-કરાવશે તો તેની કોઇપણ જવાબદારી મારી રહેશે નહીં અને આવા વ્યવહારો અંગે જે તે વ્યક્તિ, બેંક, સંસ્થાની અંગત જવાબદારી રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારી સુચનાથી યાદવ બ્રિદેશ રામસકલ ઠે. ઘર નં. ૨૨, સાંત્વન સોસાયટી, અટોદરા ચોકડી, ઓલપાડ,સુરત.મો. ૬૩૫૯૭ ૫૪૦૩૫

પ્રકાશસિંહ એચ.દેસાઇ (એડવોકેટ) ઠે. સી/ ૧૧૪, અવધપુરી સોસાયટી, કેનાલ રોડ, અડાજણ-પાલ, સુરત. મો. ૭૦૪૧૫ ૦૦૮૬૬

-:: જાહેર નોટીસ ::-

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ મજુરાનાં શહેર સુરતના બમરોલી મેઈનરોડ વિસ્તારનાં મોજે ગામ બમરોલીનાં રેવન્યુ સર્વે નંબર : ૧૯૮/૧, બ્લોક નંબર : ૨૫૮, જેનો ફાઈનલ ટી.પી. સ્કીમ નંબર : ૫૮ (બમરોલી), ફાઈનલ પ્લોટ નં. ૧૦૧/અ થી નોંધાયેલી જમીનમાં આયોજિત સાંઇ જ્યોતિ નગર-૨ ના નામથી ઓળખાતી વસાહતમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર : એસ/૯/એ-બી વાળી મિલકત, જેનો સુરત મહાનગરપાલિકા ખાતે ટેનામેન્ટ નં. ૬૮એ-૦૫-૫૦૭૫-૦-૦૦૧ થી નોંધાયેલ છે. જે પ્લોટો પૈકી પ્લોટ નંબર : એસ/૯/એ વાળી મિલકતના સ્વતંત્ર માલિક, મુખત્યાર, કબજો ભોગવટેદાર, વહીવટ, વ્યવસ્થાદાર **અમોના અસીલ યાને દયારામ રામઅચલ ગુપ્તા** હોવાનું જણાવી તથા સદરહુ મિલકતમાં કોઈપણ તકરાર વગરની હોવાનું જણાવેલ છે. પરંતુ મજકુર માલિકના જણાવ્યા મુજબ સદરહુ મિલકતના અસલ કબજા રસીદ ફાઈલ કયાંક ગેરવલ્લે થઈ ગયેલ હોય અને તેની ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી તેવું જણાવેલ છે. આથી સદરહુ મિલકત બાબતે યા ગુમ થયેલ અસલ કબજા રસીદ ફાઈલ બાબતે કોઈનો કોઈપણ જાતનો હક્ક હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, તરતકરાર હોય યા સદરહુ મિલકતમાં અન્ય કોઈપણ વ્યકિત, નાણાંકીય સંસ્થાનો ચાર્જ, બોજા, લીયન યા કોઈપણ જાતનો હકક-હિસ્સો, લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટ્સ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત આ **નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)**માં નીચે જણાવેલ ઠેકાણે રજૂ કરવા, જો તેમ કરવામાં કસૂર થશે તો સદરહુ મિલકત ઉપર કોઈના કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું ગણવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ તર-તકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ગુમ થયેલ અસલ દસ્તાવેજોની વિગત :- ૧) દયારામ રામઅચલ ગુપ્તાની તરફેણમાં તા. ૨૯/૦૮/૨૦૦૧ ના રોજ કરી આપેલ અસલ કબજા રસીદ.

ઓફિસ : ૧૧૧, મેઘરત્ન કોમ્પ્લેક્ષ, બેંક ઓફ બરોડાની પાસે, અથુગર શેરી, નાનપુરા, સુરત-૧. (મો.) ૭૮૭૪૭ ૪૭૯૭૧

ભાવિન પી. ગલિયાવાલા એડવોકેટ — તે અમોના અસીલની માહિતી અને સૂચના અનુસાર નોટીસ આપનાર અને ઘડનાર

ક્ષેત્રીય કાર્યાલય, સુરત શહેરી ક્ષેત્ર, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડદોડ રોડ, સુરત. — बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સુધારો

તા.21-03-2024ના રોજ ગુજરાત ગાર્ડિયનની સુરત આવૃત્તિમાં પાના નં. 4 ઉપર છપાયેલ ઈ-હરાજીની જાહેરાતમાંકરજદારનું નામ:SKIબિલ્ડસ્ફિયરપ્રાઈવેટ લિમિટેડ,ક્રમનં.17,18અને19વાળીમિલકતમાંએરિયા :35.64ચો.મી.નેબદલેદરેકમિલકતનોએરિયા:11.88 ચો.મી. વાંચવો. બાકીની તમામ વિગતો અને શરતો નોટીસનાંજણાવ્યા મુજબ યથાવત રહેશે.

સ્થળ : સુરત | તા. 04-04-2024 — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.

બરોડા ગુજરાત ગ્રામીણ બેંક

રિજનલ ઓફિસ, સુરતઃ ૩જો માળ, સીટી સેન્ટર કોમ્પ્લેક્ષ, યોગી ચોક પાસે, વરાછા રોડ, સુરત- ૩૯૫ ૦૦૬, ઇમેલઃ rosurat@barodagujaratrrb.co.in, વેબસાઇટઃ www.bggb.in

ઈ-હરાજી નોટીસ

ઈ-હરાજી તા.: ૦૬.૦૫.૨૦૨૪

ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે ધી સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) અધિનિયમ ૨૦૦૨ની કલમ ૮(૬) ની જોગવાઈઓને વેચાણે લેતા સ્થાવર મિલકત અંગેની ઈ-ઓકશન દ્વારા વેચાણ નોટીસ. આથી, અહીં અત્રે જાહેર જનતાને તથા વ્યક્તિગત રીતે લોનધારક(કો) અને જામીનદાર(રો) ને નીચે વર્ણવવામાં આવેલ બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના કબજામાં રહેલી મિલકત **તા. ૦૬.૦૫.૨૦૨૪ ના રોજ** સદર બેંકના અધિકૃત અધિકારીએ સદરહું મિલકત "જ્યાં છે, જેમ છે" અને "જ્યાં છે, જે છે" ના આધાર પર નીચે દર્શાવેલ જામીનપાત્ર, લોન પરનું વ્યાજ, અન્ય ખર્ચા અને લાગુ પડતા ચાર્જની વસૂલાત માટે કબજો લીધો છે. ઈ-ઓકશન website https://indianbankseauction.com પર ૧૧.૦૦ થી ૧૩.૦૦ દરમિયાન યોજવામાં આવનાર છે. મિલકતની સંપૂર્ણ વિગત, અનામત કિંમત, ઈએમડી અને પઝેશનનો પ્રકાર નીચે દર્શાવેલ છે.

ક્રમ	શાખા નું નામ મોબાઈલ નંબર	કરજદાર(રો) જામીનદાર(રો) ના નામ	૧૩(૨) માંગણા નોટીસ મુજબ કુલ માંગ રકમ – ૬૦ દિવસ ડિમાન્ડ નોટીસ	સ્થાવર મિલકતની વિગત	અનામત કિંમત (ઈએમડી)	કબજા ની સ્થિતી
૧.	કિલ્લો સોનગઢ મોઃ 9099007013	મેસર્સ શ્રીજી કન્સ્ટ્રકશન, શ્રી અમિતભાઈ હસમુખલાલ આડતીયા, શ્રી વિજયભાઈ જમનાદાસ આડતીયા જામીનદારઃ શ્રીમતી ભારતીબેન વિજયભાઈ આડતીયા, શ્રીમતી હિનાબેન અમિતભાઈ આડતીય, શ્રી ભીખુભાઈ નરસિંહભાઈ જોષી	રૂા. ૬,૩૮,૩૧,૮૬૬.૫૦ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ મુજબ તા. ૨૮.૦૨.૨૦૧૯	બિટ્યુમેન ટ્રોલી - ૩-નંગ, બિટ્યુમેન સ્ટોરેજ ટેંક - ૧-નંગ, ઓઈલ સ્ટોરેજ ટેંક-૧-નંગ, બિટ્યુમેન પ્લાન્ટ - ૧-નંગ, વિવિધ વસ્તુઓ/સ્ક્રેપ/બેરલ.	૩,૬૯,૦૦૦/– ૩૬,૯૦૦/–	પ્રત્યક્ષ

હરાજીના નિયમો અને શરતોની વિગતો માટે કૃપા કરીને બેંકની વેબસાઈટ https://www.bggb.in/e_auction.php પર આપેલી લિંકનો સંદર્ભ લો. — સરફેસી એક્ટ, ૨૦૦૨ અનુસાર કાયદેસર રીતે ૩૦ દિવસની વેચાણ નોટીસ

લોનધારકો/જામીનદારોને આ નોટીસ દ્વારા હરાજીની છેલ્લી તારીખ પહેલાં વ્યાજ અને અન્ય ખર્ચ સાથે માંગણાની રકમ જમા કરાવવા માટે જાણ કરવામાં આવી છે, જેમા નિષ્ફળ જતા, મિલકતોની હરાજી/વેચાણ કરવામાં આવશે અને જો હરાજી/વેચાણ પછી બાકી રહેલી રકમ અને ખર્ચ વ્યાજ સાથે વસૂલ કરવામાં આવશે.

સ્થળઃ સુરત - તારીખઃ ૦૪.૦૪.૨૦૨૪ — નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. — **અધિકૃત અધિકારી - બરોડા ગુજરાત ગ્રામીણ બેંક**